# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૭ • અંક ૧૧ • સળંગ અંક ૮૨ • મુંબઈ • સપ્ટેમ્બર ૨૦૧૩ • પાના ૧૨ • છૂટક નકલ રૂા. ૨/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજન,**
**જય જિનેન્દ્ર !**

*સમજ્યા વગર કોઈને પસંદ ન કરતાં,*
*નાસમજમાં કોઈને ગુમાવી પણ ન દેતા,*
*ગુસ્સો શબ્દોમાં હોય છે, દિલમાં નહીં,*
*સંબંધ ઉપર જ પૂર્ણવિરામ મૂકી ન દેતા !*

**ઉત્તરદાયિત્વ :**

સારા કે નરસા વિચારોની ઉપલબ્ધિ સૌને જન્મજાત પ્રાપ્ત થાય છે. શ્રેષ્ઠ જિંદગી, સત્કાર્યો અને સુસંસ્કૃત વિચારધારા કદાચ વારસાગત મળી શકે પરંતુ ત્યારબાદ તેને ટકાવવાનું ઉત્તરદાયિત્વ આપણે પોતે જ નિભાવવું રહ્યું. કાયદાકીય દૃષ્ટિએ માનવીને વિચારવાની છૂટ ચોક્કસપણે છે, કરવાની નહીં. ધર્મની પરિભાષા જુદી છે. ધર્મ કહે છે ખોટા વિચારો કરશો નહીં કારણ કે તે વિચારોને કાર્યમાં પરિણમતા સમય નથી લાગતો. જેમ ખોટા રોપાયેલા બીજને અંકૂરતા વાર નથી લાગતી. ક્રોધ અને રોષનું ઈંધણ માણસને ઝનુની કે ધર્મધનુની બનાવે છે. તે વણનોતર્યા અપરાધ વિચારોમાં ડૂબાડી અંધ બનાવે છે. માનવીના મોટા ભાગના દુર્ભાગ્યો એણે જાતે જ સર્જેલા હોય છે. સુખની ઈમારત સદ્‌ગુણોના પાયા ઉપર રચાયેલી હોય છે.

સ્વસ્થ માનવી ન તો પરપીડન કરે છે, ન તો સ્વપીડન. સમગ્ર ચૈતન્ય એક સાથે સર્જાયેલું અને સમાયેલું છે. જે આપણે આપણાં માટે ઈચ્છીએ કે વિચારીએ તે અન્યો માટે શા માટે ન કરી શકાય ! પ્રેમ કે લાગણીમાં કોઈપણ પ્રકારની સ્વામીત્વની કે વર્ચસ્વ જમાવવાની ભાવના એ એક પ્રકારની હિંસા જ છે. થોડી કે વધુ સંભાવના કે શકયતા સર્વત્ર વેરાયેલી, નિર્માયેલી હોય જ છે. પ્રત્યેક ક્ષણે આવતા અને અટવાતા પ્રલોભનો માનવીને મોહ અને આસકિતની મુર્છાના બંધનમાં જકડી રાખે, જે કોઈપણ દિશામાં ફંટાઈ શકે છે. પગ લપસે તો જખમ થાય ને જીભ લપસે તો જોખમ ! આજીવનમાં ઉત્તરદાયિત્ય નિભાવ્યા કે માણ્યા પછીનો આપણો માર્ગ ક્યો ? જવાબ તો શોધવો જ રહ્યો !

મોહ, માયા, લાલસા કે ગુનાહિત માનસિકતા ધરાવતા માનવી પાસે ત્યાગ અને સંયમની શકયતા અને અપેક્ષા કેટલી રાખી શકાય ? રાગ, દ્વેષ કે ક્રોધ હિંસાના ઈંધણ છે. હકીકતમાં વાસ્તવિક રીતે પ્રગટ થતું પાપ અપરાધ બને છે. ચિંતા, ચિંતનને અવરોધે છે અને ચિંતન ચિંતાને ! કેવો વિરોધાભાસ બન્નેનું કેન્દ્રબિંદુ તો આપણે જ ! વિષય ક્ષેત્રે પરિવર્તન અને કષાય ક્ષેત્રે પુનરાવર્તન કેમ ?

**મ્યુઝીકલ હાઉઝી :**

**શ્રી પાટણ જૈન મંડળ, જીવન સૌરભ સમિતિ** આયોજીત અને **શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણિલાલ ઝવેરી (સાયબા) સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધિ પ્રેરીત** મ્યુઝીકલ હાઉઝી (તંબોલા સર્કસ) મનભાવન કાર્યક્રમ સમાજના વરિષ્ઠો માટે બુધવાર, તા.૨-૧૦-૨૦૧૩ ના રોજ પાટકર હોલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ મધ્યે રાખવામાં આવ્યો છે. વયસ્ક સભ્યો એકમેકને મળે અને ગમતાનો ગુલાલ કરે એવી ઉત્કૃષ્ટ ભાવના સાથે જીવન સૌરભ સમિતિના **મંત્રી શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ** તથા **શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહ** અને જીવન સૌરભ સમિતિના સભ્યોને આ કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવું છું.

આ જ કાર્યક્રમમાં દીર્ઘ સમયથી જેની રાહ જોવાતી હતી તેવા **શ્રી પાટણ જૈન મંડળ**ના પરિવારોનો માહિતી સભર પરિવાર પરિચય ગ્રંથ (વસતીપત્રક-૨૦૧૩) નો વિમોચન સમારોહ **શ્રી જે.કે.શાહ, શ્રી જે.પી. શાહ** તથા **શ્રીમતી પન્નાબેન સોનાવાલા**, અતિથિ મહાનુભાવોની હાજરીમાં કરવામાં આવશે. જેની વિગત ઓગષ્ટ માસના પ્રતિબિંબમાં આપવામાં આવેલ છે. મંડળના ઉપપ્રમુખો **શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ શાહ, શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ (ગુંદરવાલા)** તથા **શ્રી ભરતભાઈ સારાભાઈ શાહ** દ્વારા સખત અને સતત જહેમતથી સંપાદિત કરાયેલ આ પરિવાર પરિચય ગ્રંથમાં અનેકવિધ માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે કોઈને કોઈ પ્રસંગે આપણા સૌ માટે એક ઘરેણું પુરવાર થશે. પાટકરહોલમાં મર્યાદિત બેઠક હોવાને કારણે આપની બેઠકનું આરક્ષણ બનતી ત્વરાએ કરાવી લેવા વિનંતિ.

**નૂતન વર્ષ સ્નેહ સંમેલન :**

**શ્રી પાટણ જૈન મંડળ - પ્રોગ્રામ સમિતિ આયોજીત શ્રી મણિલાલ**

**લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર** પ્રેરીત **નૂતન વર્ષ સ્નેહ સંમેલન** શનિવાર, તા.૯-૧૧-૨૦૧૩ ના રોજ શ્રીનિકેતન વાટિકા-ગાર્ડન મધ્યે સુનિશ્ચિત કરેલ છે. **શ્રી પાટણ જૈન મંડળ** તથા દાતા પરિવારના **શ્રી સુનીલભાઈ ગુણવંતલાલ શાહ પરિવાર** સમસ્ત સમાજને પધારવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવે છે. સમાજ માટે આ એક એવો અનેરો અવસર છે, જયાં બાળકો, યુવક-યુવતીઓ તેમજ વૃધ્ધો મોકળા મને એકમેકને મળી શકે અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી શકે. પ્રોગ્રામ સમિતિના મંત્રીઓ **શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ, શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ** તથા **શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ** અને સમિતિના સભ્યો ઉકત કાર્યક્રમને સફળ બનાવવા તનતોડ મહેનત કરી રહ્યા છે. હું મંત્રીઓ તેમજ કાર્યકરોને કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવું છું.

પૃથ્વી પર અવતરણ કરતું પ્રત્યેક બાળક અવિનાશીનો એવો સંદેશ લઈને આવે છે કે હજી તેણે માનવીમાંથી વિશ્વાસ ખોયો નથી. સતત સરતા સમય, બુધ્ધિગમ્ય સકારાત્મક અભિગમ, કાર્ય અને કર્મ કરવા તેણે આપણને સંસાર સાગરમાં તરતા મૂકયા છે. ગતિ અને પ્રગતિની પગથાર આપણું ભવ ભ્રમણ નિશ્ચિત કરે છે. તો ચાલો ! શ્રધ્ધાના દીપ પ્રગટાવીએ અને પ્રકાશના પૂંજ પાથરીએ !

આભાર... !

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

# શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ

**આયોજિત**

## શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર

**પ્રેરિત**



## નૂતન વર્ષ સ્નેહ સંમેલન





## હાર્દિક આમંત્રણ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પાટણના ભાઈ-બહેનો માટે, સૌ સામૂહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભ ભાવનાથી મરીન ડ્રાઈવના વિશાળ પટાંગણમાં, અલ્પાહારની સુંદર વ્યવસ્થા સાથે, સંવત૨૦૬૯ના નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું નીચેની વિગતે આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના નિમંત્રણને સ્વીકારી સ્નેહ સંમેલનમાં સર્વ પરિવારોને પધારવા અમારું સ્નેહભર્યુ આમંત્રણ છે.

**દિનાંક : શનિવાર, તા. ૦૯-૧૧-૨૦૧૩, કારતક સુદ – ૭**

**સમય : સાંજના ૫-૦૦ થી ૮-૦૦**

**સ્થળ : શ્રીનિકેતન વાટિકા – ગાર્ડન, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦ ૦૦૨**

**આ મંગલ અવસરે અલ્પાહાર રાખવામાં આવેલ છે**

તા. ક. : (૧) ચૌવિહારની વ્યવસ્થા સાંજે ૫-૦૦ કલાકથી રાખેલ છે

(૨) નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યક્તિગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહીં..

નિમંત્રક :

**શ્રી પાટણ જૈન મંડળ – પ્રોગ્રામ સમિતિ**

## તંત્રીસ્થાનેથી...

*ધ્રુજતા પાંદડા ને દડતાં ઝાકળના જળ,*
*પળના પારેવડાંને ઉડવાની ચળ,*
*પકડયા પકડાય નહીં પળ પળના છળ,*
*ખળભળી ઉઠે ઊંડા અંતરના તળ!*

ક્ષણાર્ધ માટે નયન બિડાય કે લાગણીનો મહાસાગર છલકાય અને આંતરમનની સ્મૃતિ સાથેની સંવેદનાઓ સળવળે! સમજદારી અને શ્રધ્ધાના સેતુ બાલીકાને મુગ્ધા બનાવે! કવિ કે લેખકને તેમની સ્મૃતિમાં સ્મરણોનો રઝળપાટ દેખાયા વગર રહે નહીં! વડીલોની પ્રેમની પરબમાંથી વાત્સલ્યની મહેંક મહોરી ઉઠે અને જીવનરસની એકએક બુંદ મઘમઘી ઉઠે! આનંદ અને હર્ષની અનુભૂતિ બિંદુમાંથી સિંધુ બની ખળખળ વહેવા માંડે! આ તો થઈ હૈયાની હૂંફ અને સંબંધોના સેતુની વાત! હોઠના સ્મીત અને આંખના અશ્રુ વચ્ચે ગાઢ અને પ્રગાઢ ઋણાનુબંધ હોય છે.

કોઈ કલાકાર કે સાહિત્યકારની કલમની કમાલ ઉમદા સંસ્કૃતિ અને સંસ્કારિતાનો અણમોલ વારસો છે. વૈચારિક પ્રક્રિયા અને હકારાત્મક અભિગમ, મૌલિકતા તથા આગવું વ્યકિતત્વ વિચારોના ઉદ્દભવનનો વિરલ વિશ્વાસ જન્માવે છે. સત્વ, સ્વત્વ અને તત્વ એવા હોવા જોઈએ કે હૈયું હોંકારો દે અને નૈનો ટપ ટપ નિતરવા માંડે. ઉત્કૃષ્ટ સાહિત્યની આભાની ઓળખ અને સાધનાની સિધ્ધિ વાંચકો અને શ્રોતાઓ ઉપર અનેરી મોહિની વરસાવી તેની વેદના અને સંવેદનાને પ્રગટ કરે!

કેવળ સાહિત્ય જ નહીં હૃદયસ્પર્શી સૌંદર્યની અનન્ય અભિવ્યકિત સર્જકના સંવેદનો સર્જનમાં છલકતા હોય છે, ઉભરતા હોય છે. વિશિષ્ઠ શૈલીમાં વિવિધ વિષયોને આવરી લેવાના આંતર સંબંધો થકી અર્થપૂર્ણ જીવન જીવવાનો વિકલ્પ કવિ, કલાકાર કે સાહિત્યકાર વધુ સારી રીતે આપી શકે તેવું મારું અંગતપણે માનવું છે.

અનેકવિધ પ્રસંગોનુ આલેખન કે અવલોકન ચોકકસપણે મુશ્કેલ જરૂર છે. માનવ જીવનને સ્પર્શતા વિવિધ પ્રસંગોને વિચારમાં વહેતા મૂકવા વિવેકબુધ્ધિ, કલ્પનાશકિત અને તેમની આંતરસૂઝનો ફાળો અદ્દભુત અને અનેરો હોય છે. આ માટે કથાવસ્તુની શોધ, વિચાર, અભ્યાસ અને સાધનાની નિષ્ઠા આવશ્યક છે. સહનશકિત અને સમજશકિત જ સંસ્કારમાં સોનેરી પ્રભાત સ્થાપી શકે તે નિઃશંક બાબત છે. આ હકીકત આપણને સૌને વ્યકિતગત રીતે લાગુ પડે છે. જીવનના ગર્ભગૃહમાં આપણું રહસ્ય જ આપણો દિપક છે. તેનો પ્રકાશ જો બહાર ફેંકશો તો ગર્ભગૃહમાં તમસ થતા વાર નહીં લાગે!

જિંદગીનો લય વ્યાખ્યામાં નથી તેના સંગીતમય ધબકાર ભર્યા વર્તનમાં છે. પ્રત્યેક દેશની પ્રકૃતિ અને સંસ્કૃતિ આપ મેળે જ વણાતી હોય છે. ઉપાસના કરવા લાયક જો કોઈ દેવતા હોય તો તે આપણુ પોતાનું જીવન છે.

આલ્બર્ટ હ્યુબાર્ડ કહે છે કે, તમામ વિચારો કરતાં વેદના સૌથી ઉંડી છે, પણ તમામ વેદના કરતાં હાસ્ય સૌથી ઊંચું છે. જે પોતાના પર હસી જાણે છે, તે જીવી પણ જાણે છે. ગઈકાલના ખભા ઉપર ઉભો રહેલો દિવસ જો ગઈકાલને જ વાગોળે તો આવતી કાલના આકાશમાં એને કશું જ દેખાશે નહી. નદીને અનુસરીએ તો દરિયો આપો આપ મળશે.

કોઈપણ કૃતિમાં સામાજિક, સાંસ્કૃતિક અને વૈયકિતક સંદર્ભોના ગુઢાર્થ અને વિષયોની છણાવટ, માહિતીપ્રદ વાતો લોકોના હૈયાના ઊંડાણને સ્પર્શ્યા વગર રહેતા નથી. પ્રકૃતિ, પ્રાકૃતિક સૌંદર્ય, પ્રેમ અને પ્રેમની અભિવ્યકિત કે અનુભૂતિ, શાંતવન કે શાતાના બે શબ્દો મુશ્કેલીના મહાસાગરને હેમખેમ પાર કરાવવાનું અને નવજીવન બક્ષવાનું અનન્ય સામર્થ્ય ધરાવે છે. જરૂર હોય છે માત્ર દિલોજાન ટકોરાની.

જીવન જીવવાની જીજીવિષા વાસ્તવિક અભિગમથી વિકટ અને વિષમ પરિસ્થિતિનો સામનો કરવા શકિતમાન બને છે. સર્જકની દ્વિધા સાહજિક હોય છે. લોકોના ગમાઅણગમાનો પ્રશ્ન પણ તેમને કેટલાક અંશે સતાવતો હોય છે. જિંદગીમાં કોઈક જ વિરલો સર્વગુણ સંપન્ન જણાશે. હૃદયની ગહનતામાંથી પ્રગટેલો સ્વર, શબ્દ અને લય શ્રોતાગણના હૈયામાં અવિસ્મરણીય અનુભૂતિ કંડારી જાય છે. કોઈપણ ગમતી કે વણગમતી ઘટના કે કથાવસ્તુનું કારૂણ્ય હૈયાને હચમચાવી મૂકવા પુરતું છે. આપણે પામર માનવીઓ તેમાં જ પોતાના જીવન પ્રસંગોને પ્રતિબિંબિત થતાં જોવા પ્રેરાઈએ છીએ.

સત્યમાંથી વહેતી, ભીતરની નજાકતતા અને સમાનતા કોઈપણ મૃદુ હૃદયની આંખની પાંપણો પર શ્રાવણ ભાદરવો આકસ્મિક જ લઈ આવે છે. વિચાર અનેવાણીનો વૈભવ માનવ મનની મૃદુતાને મમળાવે છે. તેનામાં ફરી નવચેતના અને આશાનો સંચાર થાય છે. દૂર-સુ-દૂર અંધકારમાં આશાનો એક દીપ પ્રજવલિત થાય છે. સહૃદયતા અને સાચી લગનથી તમારી લાગણીને વિકસવા દો, ફળની આશા વગર તમારું કાર્ય કરે જાવ, નિષ્ફળતા કયારેય તમારી આસપાસ પણ નહિ ફરકે!

❑ **સંપાદક સમિતિ**

## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરિટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ અને શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યુએશનનો ઉચ્ચ અભ્યાસ કરનાર, પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ–બહેનોને શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક **રૂા. ૧૦,૦૦૦/-** ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે. તદ્‌અનુસાર આ વર્ષે બીઝનેસ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈ.એ.એસ. અથવા ડૉક્ટરેટ પીએચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુેશન કોર્ષમાં ઊત્તીર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ–બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગે અરજીપત્રક મંગાવવામાં આવે છે. મંડળના કાર્યાલયમાંથી આ અંગેનું ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરીને **તા. ૦૫– ૧૦–૨૦૧૩** સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.

**પ્રસ્તુત સ્કોલરશીપ માટે, વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે જે આપને વિદિત થાય.**

❑ **શિક્ષણ સમિતિ**

# TO BE SUCCESSFUL, KNOW YOUR WORTH

BY JENINA GOMES

We often have to keep reminding ourselves that we are self-respecting individuals, who will not allow ourselves to be short changed. Despite professional knavery and skullduggery, if we do an honest day's work and remain true to ourselves, we would be better able to negotiate our way through a working career.

For those who play the game of "Mirror, Mirror on the wall, who is the fairest/best amongst us all" and who expect their names to always feature first, a rude awakening may happen someday. But for those of us closer to reality, the daily jolts and negative feedback make us more realistic about the work scene.

A real pro should be an encourager, not a discourager, but most often that is not the case. True, we improve ourselves by accepting critical reviews. But, if they begin to erode our self-confidence and belief in our own abilities, we are at the wrong end of the scale.

Self-esteem does not depend on the approval of others. That is because, when we respect ourselves, we do not accept what others say if that is not true of us. The more risks we undertake, the bigger mistakes we could make. But mistakes do not and should not come in the way of developing self-esteem.

All of us might have gone through these experiences – ranging from little pin pricks to insults and being subject to offensive remarks. If we let them get under our skin, we will begin to believe that we are worthless.

When we let jibes and attacks slide off our backs, like water off a duck's back, we are in effect saying: "Excuse me, I am a self-respecting individual. I will not accept the things you say because they demean me and compromise my rights as an employee or as a fellow being on the planet."

Some in authority are not used to ever being questioned. What they say goes, right or wrong. Others are more receptive to ideas and nuances. They can listen to their juniors without in any way feeling threatened.

Of course, favouritism exists almost everywhere. But I would consider myself lucky if I were not a favourite and proved myself through sheer performance. Games people play will never cease. But if I am fair and honest, the chances are that I will succeed, even it means the hard way.

Many professionals in our country get frustrated and feel that too many organisations are being run unprofessionally. Since patterns of ownership and control differ so much, what is considered acceptable in one organisation, may be considered taboo in another.

However, certain parameters remain true for all professionals especially when quality of work is placed above petty considerations. They may be competitive but not unethical. They are loyal, committed and are able to put the interests of the organisation first, while following ethical codes of conduct.

Professionals do need spiritual anchors because it's a tough world that is not designed to mollycoddle you. You will be challenged, battered, tried, put down. You will have to overcome all these hurdles and many more with courage and conviction… and perhaps faith.

Sometimes, you face constraints – economic, familial or otherwise — and so may not be able to leave one job and move to another only because you don't see eye-to-eye with authority. You may have to tolerate humiliation. But, if you bravely hold on to your values and soldier on, you might be able to hold your head high and say, "Do or say what you like, but you will not erode my self-esteem." ✶ ✶ ✶

## અભિનંદન

● પાટણ મારફતિયા મહેતાના પાડો, (વાલકેશ્વર) સ્થિત **શ્રી તરુણભાઈ કેસરીચંદ શાહ** તથા **શ્રીમતી હંસાબેન તરુણભાઈ શાહ**ના પુત્ર ચિ. **ભાવેન** સને ૨૦૧૩ની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ફાઈનલ પરીક્ષામાં ૪૮મી રેન્ક પ્રાપ્ત કરી ઉત્તીર્ણ થયેલ છે તે બદલ સંસ્થા તરફથી હાર્દિક અભિનંદન. ચિ. ભાવેન શિક્ષણ ક્ષેત્રે નિતનવા કીર્તિમાન સર કરે તેવી હાર્દિક શુભેચ્છા.

● પાટણ કસુંબીયા વાડાના હાલ કાંદિવલી સ્થિત **શ્રી કલ્પેશભાઈ મહેશભાઈ શાહ** તથા **શ્રીમતી જીજ્ઞાબેન કલ્પેશભાઈ શાહ**ની સુપુત્રી **ચિ. સાક્ષી,** ઉ. વ. ૧૦, દૃષ્ટિ એકેડમી (ઇન્ડિયા) પ્રા. લિ. તરફથી લેવાયેલ ત્રીજી મહારાષ્ટ્ર સ્ટેટ લેવલ 'દૃષ્ટિ મેથ્સ કોમ્પીટીશન-૨૦૧૩'માં લેવલ-૧માં બીજા રનર્સઅપ તરીકે વિજેતા બની છે તે બદલ સંસ્થા તરફથી હાર્દિક અભિનંદન. ✶ ✶ ✶

## શ્રી પાટણ જૈન મંડળ : વ્યાખ્યાન-અહેવાલ

**શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ** દ્વારા બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨ના રોજ મંડળના સભાગૃહ ખાતે **શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન**નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સમિતિના માનદમંત્રી **શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહે** પધારેલ સર્વ ભાઈ-બહેનોને ઉષ્માભર્યો આવકાર આપી અંતમાં આભાર વ્યક્ત કર્યો હતો. **શ્રી શ્રેયાંસભાઈ અને સાથીવૃંદે** મધુર ભક્તિસંગીતથી વાતાવરણને ધર્મમય બનાવ્યું હતું. મંડળના **ઉપપ્રમુખ તથા માનદમંત્રી (એડમિનીસ્ટ્રેશન) શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ શાહે** પ્રાસંગિક ઉદ્‌બોધનમાં **શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરીએ શ્રી પાટણ જૈન મંડળ**માં તન-મન-ધનથી સક્રિયપણે અર્પેલ સેવાની સરાહના કરી હતી.

**શ્રી શ્રેયાંસભાઈ**ને મંડળના ઉપપ્રમુખ**શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ**ના વરદ્ હસ્તે પુષ્પગુચ્છ એનાયત કરી તેમજ **શ્રી તેજ સાહેબ**ને **શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ**ના વરદ્ હસ્તે પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કર્યું હતું.

જૈન ધર્મના પ્રખર પ્રચારક એવા **શ્રી તેજસાહેબે 'ચાલો જીવનને સાર્થક કરીએ'** વિષય ઉપર સુંદર છણાવટ અને દૃષ્ટાંતો સાથે મનનીય પ્રવચન પીરસી શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા હતા.

પ્રોગ્રામ સમિતિના માનદમંત્રી **શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ**, મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યો, સહિત બહોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે દાતા પરિવાર તરફથી પ્રભાવનાનો લાભ લઈ સૌ વિખરાયા.

**❑ પ્રોગ્રામ સમિતિ**

## દિગ્ગજ

*દિગ્ગજ, તારા જેવો,*
*કલાકાર જોયો નથી,*
*અમે પામર માનવી માત્ર,*
*સર્વસ્વ છીનવ્યા છતાં,*
*વિશ્વાસ તારામાં ખોયો નથી !*

*જન્મ મૃત્યુ તે -*
*કોઈને હાથ સોંપ્યા નથી,*
*સૌનું આકસ્મિક અવતરણ,*
*અહીં ધરા પર -*
*ગાગર જેવી છે જિંદગી,*
*સાગરમાં છતાં માતી નથી !*

*અમે એકલા અટૂલા*
*ભૂજાઓ વિનાનો ભૂતકાળ,*
*અમથા પ્રયત્નો આદરી રહ્યા,*
*વર્તમાનને ઉપાડી ભમવાનો,*
*કોણ જાણે કેમ ?*

*મૃત્યુની ફાળ શા માટે ?*
*પરપોટા જેવી જિંદગી,*
*સાવ પથરાળ સંબંધ,*
*પાનખર જેવો પ્રેમ,*
*શું આ જ જીવન ઘટમાળ ?*

**મ.ને.**

## પાટણ સમાજનું ગૌરવ

પાટણ કસુંબીયા વાડાના હાલ-અમદાવાદ સ્થિત **શ્રી સુરેશચંદ્ર ભગવાનદાસ સાંડેસરા**ના પુત્રવધૂ તેમજ **શ્રી સેવંતીલાલ લહેરચંદ પટોળાવાળા**ની સુપુત્રી **શ્રીમતી જોલીબેન પીયૂષકુમાર** ગુજરાત યુનિવર્સિટી દ્વારા એપ્રિલ-૧૩માં લેવાયેલ એમ.એ. ફાઈનલ પરીક્ષા (જૈન આગમની ભાષા પ્રાકૃત)માં પ્રથમ ક્રમાંકે **બે ગોલ્ડ મેડલ** સાથે ૫૧ વર્ષની ઉંમરે પાસ કરી સાંડેસરા પરિવાર તેમજ પાટણ જૈન સમાજનું ગૌરવ વધારેલ છે. આ ઉપરાંત દિલ્હી લેવલની NET ફર્સ્ટકલાસ સાથે પાસ કરી ઓલ ઓવર ઈન્ડિયા લેવલે પ્રાકૃત ભાષામાં લેક્ચરર તરીકે નવી માન્યતા પ્રાપ્ત કરી છે.

તેમણે સંઘવીનો પાડો-પાટણ ખાતેની ૧૦૦૦ વર્ષ જૂની તાડપત્ર પર લખેલ શ્રેયાંસનાથ ચરિત્રની હસ્તપ્રત પર કાર્ય કર્યું છે અને તેઓ હવે પ્રાકૃત ભાષામાં Ph.D. કરે છે. અપ્રકાશિત જૈન હસ્તપ્રતો પર કામ કરવાની ઈચ્છા ધરાવે છે. વ્યક્તિ ધારે તો જીવે ત્યાં સુધી અભ્યાસ કરી, કાર્ય કરી સમગ્ર જૈન શાસનનું ઋણ અદા કરી શકે છે.

જૈન શાસનનું આ અદ્‌ભુત કાર્ય તેઓ કરી શકે તેવી શુભેચ્છાઓ સહ અભિનંદન.

✶ ✶ ✶

### શ્રી પંચાસરા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ

*આથી જણાવવાનું કે પાટણ ખાતેના કોઈ પણ જિનાલયમાં સાધારણ ખાતામાં આર્થિક સહાયની જરૂરિયાત હોય તો શ્રી પંચાસરા પાર્શ્વનાથ જૈન દેરાસરના ટ્રસ્ટીઓનો ત્વરિત સંપર્ક કરવા કૃપા કરે.*

**❑ ટ્રસ્ટીગણ**

### હાર્દિક અભિનંદન

પાટણ ફોફલીયાવાડો, પોળની શેરી, હાલ મુંબઈ વિલેપાર્લે(વેસ્ટ) મધ્યે રહેતા **શ્રીમતી તેજલબેન** તથા **શ્રી રાજુભાઈ વૃજલાલ સ્વરૂપચંદ શાહ**ના સુપુત્ર **ચિ.દીપ**ને બ્રીટીશ સ્કુલ બ્રસેલ્સ તરફથી તા.૯-૬-૨૦૧૩ ના રોજ બી.ટી.ઈ.સી. બીઝનેસ વોકેશનલ કોર્ષ એવોર્ડ-૨૦૧૩ પ્રાપ્ત થયેલ છે. સંસ્થા ભાઈ **દીપને** અનેક શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવે છે.

## કેમ છો ?

**❑ સુરેશ ચોધરી**

એક દિવસમાં ત્રણ ઋતુ દેખાડતા લંડન શહેરમાં બપોરના ઠંડા વાતાવરણમાં હું અને મારા પત્ની બેગ લઈ જૂની બે માળની બસમાં ચઢવા ગયા ત્યારે કંડક્ટરે મારા હાથમાં રહેલી બેગ ઉંચકવામાં મદદ કરી. હું `Thank you very much' કહું તે પહેલાં જ એકદમ બોલી ઉઠ્યા, `Oh it is a heavy? what is in? (ઓહ ઈટ ઇસ હેવી, શું છે ?) `Only clothes & some books. if you want I can show you) (ફક્ત કપડાં અને થોડીક ચોપડીઓ છે. કહો તો ખોલી બતાવું.) No-No. OK (નો. નો. બરોબર).

અમો નવા નવા હોવાથી અમારું બસ સ્ટોપ જતું ન રહે અને ઉતરવામાં તકલીફ ન પડે તેથી દરવાજા પાસેની સીટ ઉપર બેઠા. અમો ગુજરાતીમાં વાત કરતા હતા, તે સાંભળી કંડક્ટરે એકદમ પાસે આવી જૂઈના ફૂલ જેવું સ્મિત કરતાં મખમલી અવાજમાં કહ્યું, 'કેમ છો ? મઝામાં !'

વર્ષો જૂનો પરિચય હોય તેમ તેણે મારી સાથે વાતો શરૂ કરી. 'નવા નવા લંડન આવ્યા છો ? ક્યાંથી આવો છો ?'

'ના, ઘણી વખત આવ્યા છીએ. પણ આ રસ્તાથી એકદમ નવા છીએ. અને ભારતથી આવીએ છીએ. તમે પણ ભારતના લાગો છો ?'

'હા. મારો જન્મ ભારતના જામનગર ગામમાં થયો હતો. સાત ધોરણ સુધી ત્યાં જ ભણ્યો પછી અમો બધા જ કેન્યા ગયા. અને ત્યાંથી અહીં આવી કાયમ માટે વસ્યા. ત્યાર પછી હું ક્યારે પણ ભારત ગયો નથી. પણ મને જવું બહુ જ ગમે છે; પણ હવે મને ત્યાંના કોઈનો પરિચય નથી રહ્યો. પણ ભારતના નિયમિત સમાચાર સાંભળું છું, વાંચું છું...' કહેતાની સાથે તેમનો અવાજ ગદ્‌ગદ્‌ અને ભારે થઈ ગયો.

મેં કહ્યું. 'તમો ભારત જરૂરથી આવો. તમારી માતૃભૂમિ અને જન્મભૂમિ છે. હું તમને ત્યાં માટેની મારાથી બને તેટલી બધી જ ગાઈડન્સ, વ્યવસ્થા અને મદદ કરીશ. વર્ષો પહેલાંનું ભારત હવે નથી રહ્યું. અઢળક સુધારા થઈ ગયા છે. પણ ભારતની માનવતા અને માણસાઈ જરાપણ બદલાયા નથી. તમો મુંઝાયા વગર જરૂરથી ભારત આવો જ.'

'સારૂં વિચારીશ.' પછી લાગણીના ગુલમહોર પાથરી અને કહ્યું, 'આ કવર તમો ઘરે જઈને ખોલજો. તેમાં મારું સરનામું-ફોન અને મોબાઈલ નંબર છે. પણ તમો જરૂર મારા ઘરે આવજો. આપણે સાથે જમીશું અને પેટ ભરીને તીખી તમતમતી સેવ અને ગળ્યા ગુલાબ-જાંબુ જેવી ગપસપ કરીશું. તમોને ફાવે ત્યારે મને ફોન કરશો અથવા તમો કહો ત્યારે હું તમોને ફોન કરીશ. તમોને એકલા આવવું ફાવે તેમ ન હોય તો મને કહેજો. હું તમારા આવવા અને જવાની બધી વ્યવસ્થા કરીશ. પણ આવજો જરૂર. અને તમારે કંઈ કામ હોય તો મને ફોન કરજો. મારા ભારતવાસીને મદદ કરવામાં મને આનંદ થશે.' સ્ટોપ આવતાં ફરી હાથમાં હાથ મેળવી મારી પાસેથી તેમના ઘરે આવવાનું વચન લીધું. ત્યારે મેં કહ્યું, 'V.I.P. માણસો ઘણાં મળે છે. પણ તમારા જેવા V.N.P. (વેરી નાઈસ પરસન) બહુ જ ઓછા મળે છે. God Bless You.' કહી અમો છુટા પડ્યા.

ઘરે જઈ મેં કવર ખોલ્યું, તો તેમાંથી ૧૦ પાઉન્ડ સાથે નોંધ લખેલી મળી, 'તમો મારા મહેમાન મિત્ર છો' અને તેમનું સરનામું અને ફોન નંબર હતા. હું મનોમન બોલી ઉઠ્યો. કેટલાંક સંબંધો જૂજ હોય છે. પરંતુ સુખડની સુગંધ જેવા હોય છે. આ સંબંધોની યાદ આવતા અંગેઅંગમાં મહેંકની ફૂલવારી મ્હોરી ઉઠે છે અને આજે અમો નિયમિત એકબીજાના કોન્ટેકમાં રહેતા થઈ ગયા છીએ.

✷ ✷ ✷

### તપસ્વીઓને વિનંતી

શ્રી પર્યુષણ મહાપર્વ દરમિયાન ૧૬ ઉપવાસ કે તેથી વધુ તપશ્ચર્યા કરનાર અને સિધ્ધિતપ, વરસીતપ કે અન્ય મોટી તપશ્ચર્યા કરનાર તપસ્વીઓએ પોતાના નામ, વય તથા પાટણના મહોલ્લાની વિગત તા. ૦૫-૧૦-૨૦૧૩ સુધી મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલી આપવા નમ્ર વિનંતી.

The Johri™
And Carat Jewellery
118 Dharam Palace, B-Wing, 1st Floor, Hughes Road, Mumbai- 400007.
Tel no. 022-23610180 / 81
Tushar- 9820223110, Rupal- 9969525061, Amar- 9004777012. By appointments only.
Advt

## ચાતુર્માસના ચમકારા : ભાભાનો પાડો

પાટણ ભાભાના પાડા મધ્યે ગચ્છાધિપતિ પ. પૂ. આ. પ્રદ્યુમ્ન વિમલ સુરીશ્વરજી મ. સા.નું ચાતુર્માસ પાટણ શહેરના આરાધકોની તપારાધનાથી ધમધમી રહ્યું છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન અષ્ટાનિકા વ્યાખ્યાન, કલ્પસૂત્ર, બારસા સૂત્ર પૂજ્યશ્રીના મુખેથી સાંભળી લોકો ધન્ય બન્યા હતા. તેઓશ્રી નિશ્રામાં પાટણ શહેરમાંથી જ ચાર માસક્ષમણ, બે સિધ્ધિતપ, છ સોળ ઉપવાસ, ૮૨ અઠ્ઠાઈ તપ તેમજ અન્ય તપશ્ચર્યા શાતાપૂર્વક સંપન્ન થઈ હતી. આ તપશ્ચર્યામાં ભાભાના પાડામાંથી જ એક માસક્ષમણ તેમજ પંદર અઠ્ઠાઈ તપના તપસ્વીઓ જોડાયા હતા, જેમાં પ્રજાપતિ, મોદી તેમજ ઠાકોર કોમના યુવક-યુવતીઓની અઠ્ઠાઈ વિશેષ ધ્યાનાકર્ષક રહી હતી. પૂજ્યશ્રીના પ્રભાવથી જૈનો સાથે જૈનેતરો પણ ધર્મના રંગે રંગાયા હતા. પર્યુષણ પર્વની આરાધના માટે મુંબઈ-અમદાવાદ તેમજ રાજસ્થાનથી મહોલ્લાવાસીઓ તેમજ ગુરુભક્તો પધાર્યા હતા.

૮૦૦ વર્ષના પ્રાચીન કલ્પસૂત્ર-બારસાસૂત્ર પ્રત તથા ગ્રંથોના વાંચન, સોના-ચાંદીયુક્ત પ્રાચીન છોડ તેમજ અન્ય પ્રાચીન ઉપકરણોના ઉપયોગથી ભક્તોમાં વિશેષ ભક્તિભાવ પ્રગટ થયો હતો.

ભાદરવા સુદ ૫ના પારણાના દિવસે સમગ્ર પાટણના તપસ્વીઓના પારણા, પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તથા તપસ્વીઓ સાથેની રથયાત્રા, ત્યારબાદ પાટણ શ્રી સંઘનું સ્વામી વાત્સલ્યનું આયોજન કરાયું હતું. મહોલ્લામાં બંધાયેલા ભવ્ય પારણા મંડપમાં 'તપસ્વી અમર રહો. તપસ્વીનો જય જયકાર'ના ગુંજનાદથી તપસ્વીઓનું બહુમાન કરાતાં સમગ્ર વાતાવરણ ધર્મમય દિસતું હતું.

પૂજ્યશ્રીની નિશ્રામાં આસો માસની ઓળી કરાવવાનું આયોજન કરેલ છે. પાટણ ખાતે ઘણાં વર્ષો બાદ આવો ધાર્મિક માહોલ સર્જાયો છે, તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

## એસ. કે. બાલમંદિર

**એસ. કે. બાલમંદિર પાટણનો વાર્ષિકોત્સવ જાન્યુઆરી-૨૦૧૩માં યોજાયેલ જેમાં પાંચ વર્ષથી ઓછી વયના બાળકો દ્વારા ભજવાયેલ `India Fight For Independence'ને નિહાળ્યા બાદ તા. ૧૭-૦૭-૨૦૧૩ના ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પાઠવવામાં આવેલ શુભ સંદેશ અત્રે પ્રસિદ્ધ કરીએ છીએ.**

### મુખ્યમંત્રી શ્રીનો સંદેશ

'બાળકોમાં શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન થવું જરૂરી છે. જ્ઞાન તેમને પ્રગતિના પંથે લઈ જાય છે અને સંસ્કાર તેમને જીવન જીવવા સક્ષમ બનાવવામાં મદદરૂપ થાય છે. બાળકોના તન અને મનનો વિકાસ કરવાવાળી પ્રવૃત્તિઓ ઉત્તમ નાગરિક બનાવવામાં સહયોગ કરે છે.

સેવંતીલાલ કાંતિલાલ બાળમંદિરના, ૨૨મા વાર્ષિક ઉત્સવમાં, દેશની આઝાદી માટે શહીદોએ આપેલા બલિદાન અને આઝાદીની ચળવળની ઐતિહાસિક ઘટનાઓનો ચિતાર, નૃત્ય નાટિકા દ્વારા રજૂ કરતા કાર્યક્રમોની બાળકો દ્વારા નિર્દેશિત કરાયેલ પ્રસંગની VCD મળી, જે ખૂબ પ્રભાવક લાગી.

એસ. કે. બાલમંદિરના બાળકો અને શિક્ષિકાઓને દેશભક્તિની ચળવળના ઐતિહાસિક બનાવોને ઉજાગર કરવાની ભાવનાને બિરદાવું છું અને બાલમંદિર પરિવારને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

સૌનો

**નરેન્દ્ર મોદી**

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય


**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોન:(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય :મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

● સૌજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ ●

**પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે

લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે

advt

# PATAN CO-OPERATIVE BANK LTD.

Rasik Niwas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020.

Tel. : 2281 5290/2281/7444/2281 9403

E-mail : patanbank@yahoo.co.in ● **Telefax : 22816513**

Date : 12 September 2013

To,

Dear Shareholder,

**Re.:-Purchase of additional Shares under amended bye-law no. 9 (iv) & 26 (i) making minimum share holding of 40 shares.**

Please refer the following amended bye law no. 9 (iv) & 26 (i) approved Special General meeting held on Dt. 10-04-2013 & submitted with Jt. Registrar Co. op. Societies, Mumbai City.

bye law No. 9 (iv) & 26 (i) : Not with standing anything mentioned in any other Byelaw, a member holding less than 40 shares shall subscribe for additional shares to make his/her total shares of minimum of 40 as required under Bye-law no. 9 (iv) on or before Dt. 31-12-2013. as approved vide BDR Dt. 26-07-2013 in order to exercise his/her membership rights in terms of Bye-law No. 26 (i), failing which the society shall refund the amount of shares held by him/her.

As per the above amendment approved vide SGMR Dt 10-04-2013 & subsequently vide BDR Dt. 26-07-2013, those members holding less than 40 shares are under obligation to acquire the balance of shares, so as to make 40 shares on or before Dt. 31-12-2013 to exercise their membership rights in the Bank thereafter.

You are therefore requested to approach any of our branch or share department at Marine Drive with the application form for subscribing for additional shares at the earliest.

In case you do not subscibe to additional shares,your shares will be refunded provided vide BDR Dt. 26-07-2013, provided you are not indebted to the Bank directly or indirectly.

Yours faithfully,

**(S. V. Bhuta)**

**Chief Executive Officer**

ADVT

## શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

## નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** ● **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/-** ● **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** ●

ADVT

# SHREE PATAN JAIN MANDAL

## 25 yrs' CONTINUOUS GROWTH AT A GLANCE

| YEAR | TOTAL FUND Rs. IN LACS | SAHAY Rs. IN LACS | CONTRIBUTION. TO OTHER ACTIVITES Rs. IN LACS | EDUCATION LOAN INDIAN Rs. IN LACS | EDUCATION LOAN FOREIGN Rs. IN LACS | INESTMENTS Rs. IN LACS | MEMBERS Managing Committee | MEMBERS General Body |
|---|---|---|---|---|---|---|---|---|
| 1988-89 | 84.33 | 3.98 | 4.78 | 0.10 | — | 66.03 | 127 | 2153 |
| 1989-90 | 96.52 | 5.20 | 3.66 | 0.17 | — | 73.43 | 128 | 2163 |
| 1990-91 | 119.48 | 6.52 | 4.83 | 0.66 | — | 98.98 | 148 | 2207 |
| 1991-92 | 142-91 | 6.77 | 6.28 | 0.93 | — | 102.98 | 148 | 1771 |
| 1992-93 | 157.97 | 7.89 | 3.98 | 0.43 | — | 123.91 | 148 | 1915 |
| 1993-94 | 185.98 | 8.96 | 3.65 | 0.65 | — | 147.48 | 176 | 2325 |
| 1994-95 | 229.04 | 10.10 | 6.20 | 0.83 | — | 191.84 | 177 | 2560 |
| 1995-96 | 281.23 | 17.18 | 7.79 | 0.95 | — | 242.29 | 188 | 2557 |
| 1996-97 | 311.40 | 24.34 | 7.79 | 1.35 | 8.00 | 271.68 | 211 | 2716 |
| 1997-98 | 347.87 | 27.79 | 10.94 | 2.15 | — | 315.10 | 224 | 2669 |
| 1998-99 | 446.55 | 31.22 | 7.64 | 2.70 | 13.50 | 392.68 | 233 | 2468 |
| 1999-00 | 483.59 | 38.29 | 8.33 | 2.40 | 17.50 | 430.17 | 243 | 2533 |
| 2000-01 | 528.82 | 35.02 | 5.34 | 2.43 | 6.00 | 549.97 | 265 | 2624 |
| 2001-02 | 569.45 | 36.31 | 7.55 | 2.33 | 6.00 | 580.38 | 264 | 2687 |
| 2002-03 | 625.15 | 44.83 | 15.70 | 2.13 | 3.00 | 567.99 | 329 | 2720 |
| 2003-04 | 663.73 | 42.82 | 18.56 | 2.40 | 8.00 | 681.49 | 351 | 2791 |
| 2004-05 | 729.33 | 59.31 | 27.69 | 4.38 | 11.00 | 677.64 | 378 | 2802 |
| 2005-06 | 782.20 | 53.42 | 4.32 | 2.75 | 4.50 | 735.14 | 436 | 2744 |
| 2006-07 | 824.14 | 61.68 | 23.30 | 3.45 | — | 771.39 | 455 | 2820 |
| 2007-08 | 897.20 | 60.16 | 18.01 | 2.30 | — | 827.49 | 471 | 2727 |
| 2008-09 | 966.21 | 70.13 | 19.45 | 2.40 | 0.50 | 894.89 | 486 | 2798 |
| 2009-10 | 1,083.91 | 100.15 | 12.20 | 2.35 | — | 1,036.09 | 525 | 4071 |
| 2010-11 | 1,212.56 | 122.62 | 17.42 | 8.10 | 5.00 | 1,103.64 | 538 | 4350 |
| 2011-12 | 1,321.00 | 130.15 | 17.36 | 10.15 | 6.00 | 1,237.83 | 577 | 4431 |
| 2012-13 | 1,465.20 | 117.66 | 19.52 | 29.75 | 2.00 | 1,316.66 | 625 | 4456 |
| **31-8-13** 5 Months | **1,668.42** | **46.75** | **11.59** | **12.15** | **4.00** | **1,512.59** | **639** | **4495** |

**Sahay :** Education, Medical, Arthik, Senior Citizen,Viklang Utkarsh, Mahila Utkarsh & Bhada Rahat.

**Activities :**

**At Patan :** B.D.S.Vidyalay, P.J.M.Chhatralay, P. K. Atithigruh, L.D. Zaveri Bath, B.C.Jhaveri Vidyarthi Gruh, Diwaliben Udhyog Shala, Siddhahem Gnanpith, Jain Academy & Research Centre

**At Mumbai :** M.B. Davawala Library, Properties of Marine Drive, Ratan Nagar, Bhayandar, Goregaon, Patan Pratibimb, Vastipatrak, Nimit (Youth Wing), Jivan Saurabh (For Senior Citizen), Vyakhyan, Dandia Ras, Talent Parade, Cultural Activities, Samuh Lagna, Sneh Sanmelon, Bhukamp Rahat, Sports, Health Care Centres, Diksharthi Bahuman.

## પુસ્તક પરિચય

**જનરલ નોલેજ ક્વિઝ કોર્નર**

લેખક : **મનીષ ધીરજલાલ શાહ**

મુળ પાટણના ખેજડાના પાડાના અમદાવાદ સ્થિત **શ્રી મનીષ ધીરજલાલ શાહ** દ્વારા લીખીત વંચિતોનો વિકાસ ગુજરાત રોજગાર સમાચાર, 'જનરલ નોલેજ કિવઝ કોર્નર' નામનું તા.૧૪-૦૮-૨૦૧૨ ના જુનાગઢ ખાતે ગુજરાતના મુખ્ય મંત્રી **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના હસ્તે વિમોચન થયું હતું. જે ગુજરાતભરમાં ખુબ જ લોકપ્રિય બની રહ્યું છે. જેની કોઈ જ કિંમત રાખવામાં આવેલ નથી.

સરકારી નોકરી, બેન્ક, એલઆઈસી, આર્મી, નેવી વગેરે સંસ્થાઓમાં નોકરી મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ એક અનિવાર્ય અંગ બની ગયેલ છે. આ પરીક્ષાઓના પુછાતા પ્રશ્નો અંગેની વિગતો માહિતી ખાતા દ્વારા પ્રકાશીત ગુજરાત રોજગાર સમાચારા સાપ્તાહિકમાં જનરલ નોલેજ કિવઝ કોર્નર સ્વરૂપે પ્રકાશિત કરવા માહિતી કમીશ્નર ડૉ. વી.થિરૂપગલ સાહેબે તેને પ્રેરીત કર્યો અને મનીષની અંતઃકરણની ઈચ્છાને નવો આયામ સાંપડયો.

આ પુસ્તક સ્પર્ધાત્મક પરીક્ષા આપતા સૌ કોઈ યુવાનોને પ્રેરણાદાયી માર્ગદર્શન પુરૂ પાડે અને જીવનમાં તેઓ સફળતાના શિખરો સર કરે એવી અભ્યર્થના. આ પુસ્તકમાં પ્રકાશિત થયેલ શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંદેશનો અંશ અત્રે રજુ કરી રહ્યા છીએ. "Skill + Will + Zeal = Win એટલે કે, કૌશલ્ય, દ્રઢ ઈચ્છાશકિત અને ઉત્સાહના સુમેળ સાથે વિજનની દિશામાં રાજયના યુવાનોને લઈ જવાનો અમારો મંત્ર છે.

યુવા શકિતને સામર્થ્યવાન બનાવવાના સ્વપ્ન સાથે કૌશલ્યવર્ધન, ભાવિ પરિણામલક્ષી શિક્ષણ અને વ્યાવસાયલક્ષી સંવર્ધનને કેન્દ્રસ્થાને રાખી રાજયમાં રોજગાર-સ્વરોજગારલક્ષી આયોજનોને પ્રાધાન્ય આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૨ માં સ્વામી વિવેકાનંદજીની ૧૫૦ મી જન્મ જયંતિને ગુજરાત યુવાશકિત વર્ષ તરીકે ઉજવીને સ્કીલ ડેવલપમેન્ટને પ્રાથમિકતા આપી રહ્યું છે. ગુજરાત રાજય, માહિતી ખાતા, ગાંધીનગરમાં નોકરી કરી રહેલ **મનીષભાઈનો સંપર્ક** : બ્લોક નં.૬૯૫ / ૧, જીએચ-૧ ટાઈપ, સેકટર નં.૮, ગાંધીનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮ ફોન : ૦૭૯-૨૩૨૪ ૩૮૦૮ મોબાઈલ : ૦૯૯૭૮૪ ૬૬૩૦૨

## અભિનંદન

ફોફળિયા વાડો, વખતજીની શેરી હાલ-મુંબઈ નેપિયન્સી રોડ સ્થિત **શ્રી હસમુખભાઈ સુમતીલાલ શાહ**ના પત્ની **શ્રીમતી અનિલાબેન**ને તેમના **'વસુંધરા પૂજા થાળ'** લલિત નિબંધોના પુસ્તકને **'મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી' તરફથી રૂા. ૧૦,૦૦૦/- નો અવોર્ડ પ્રાપ્ત થયો છે** તે બદલ અભિનંદન.

## શ્રી વિલેપાર્લે પાટણ જૈન મિત્ર મંડળ

શ્રી વિલેપાર્લે પાટણ જૈન મિત્ર મંડળ દ્વારા આ વર્ષનો ત્રીજો જાજરમાન કાર્યક્રમ આવિષ્કાર ગ્રુપ સાથે દાંડીયા રાસ તા. ૪-૧૦-૨૦૧૩, શક્રવાર સાંજે ૭-૦૦ વાગ્યાથી આજીવાસન હોલ સાંતાક્રુઝ વેસ્ટ ખાતે રાખવામાં આવેલ છે. સભ્યોએ પોતાના પાસ તા. ૧ ઓક્ટોબર, ૨૧૦૩ સુધીમાં માનદ મંત્રીઓ પાસેથી મેળવી લેવા.


શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ESTD ૧૯૯૮

**પાટણ સમાજના સર્વે પરિવાર જનોને મિચ્છામિ દુક્કડમ્**

**અલ્પા મેરેજ બ્યુરો**

આપણા માટે નવી સુવિધા સાથે...ડાયરેક્ટ મિટીંગ વ્યવસ્થા, સ્પેશ્યલ ક્લાસ માટે ઈ-મેઈલ ફેસિલિટી. વધુ વિગત માટે સંપર્ક

**શ્રીમતી અલ્પા શાહ : ૮૦૮૦૫૪૭૪૨૪ / ૯૮૨૩૨૧૮૭૪૬**

સમય : ૧૧-૦૦ થી ૫-૦૦ Email : alpashah5@yahoo.co.in

**દર અમાસે મેરેજ બ્યુરો બંધ રહેશે.** ADVT


## શ્રદ્ધાંજલિ

**સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !**

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશાશ્રીમાળી | ખજુરીનો પાડો | હસમુખભાઈ સુમતીલાલ શાહ | ૭૫ | મુંબઈ-મરીનડ્રાઈવ | ૨૧-૦૭-૧૩ | અષાઢ સુદ-૧૪ |
| વિશાપોરવાળ | ખેતરવશી | કોકિલાબેન રમેશચંદ્ર ચોકસી | ૭૬ | અમદાવાદ | ૨૫-૦૭-૧૩ | અષાઢ વદ-૦૩ |
| વિશાશ્રીમાળી | ખેતરવશી-શામળજીની શેરી | પ્રમોદ મણિલાલ શાહ | ૭૪ | મુંબઈ-તારદેવ | ૨૮-૦૭-૧૩ | અષાઢ વદ-૦૬ |
| વિશાશ્રીમાળી | મહાલક્ષ્મી માતાનો પાડો | રમેશભાઈ (બચુભાઈ) ખુબચંદ શાહ | ૮૦ | અમદાવાદ | ૦૧-૦૮-૧૩ | અષાઢ વદ-૧૦ |
| વિશાશ્રીમાળી | કુંભારિયા પાડા | પુષ્પાબેન શાંતિલાલ શાહ | ૮૫ | મુંબઈ-કાંદિવલી | ૦૪-૦૮-૧૩ | અષાઢ વદ-૧૩ |
| વિશાશ્રીમાળી | ચોધરીની શેરી | મધુબેન નવિનભાઈ સોનાવાલા | ૬૮ | મુંબઈ-મરીન ડ્રાઈવ | ૦૭-૦૮-૧૩ | શ્રાવણ સુદ-૦૧ |
| વિશાશ્રીમાળી | લીમડીનો પાડો | જશવંતલાલ મણીલાલ દેવડાવાળા | ૮૩ | મુંબઈ-નેપીયન્સી રોડ | ૧૬-૦૮-૧૩ | શ્રાવણ સુદ-૧૦ |
| પોરવાળ જૈન | ઝવેરી વાડો | યોગીન જયંતીલાલ શાહ | ૬૪ | મુંબઈ-બોરીવલી | ૧૬-૦૮-૧૩ | શ્રાવણ સુદ-૧૦ |
| વિશાશ્રીમાળી | લીમડીનો પાડો | રમાબેન કીર્તિલાલ શાહ | ૭૯ | મુંબઈ-બોરીવલી | ૧૭-૦૮-૧૩ | શ્રાવણ સુદ-૧૧ |
| વિશાપોરવાળ | ડંક મહેતાનો પાડો | પરેશાબેન દિલીપભાઈ નંદરબારવાળા | ૬૫ | મુંબઈ-ગોવાલિયા ટેન્ક | ૨૯-૦૮-૧૩ | શ્રાવણ વદ-૦૯ |
| વિશાશ્રીમાળી | મારફતિયામહેતાનો પાડો | હંસાબેન મહેન્દ્રભાઈ શાહ* | ૭૧ | મુંબઈ-ચોપાટી | ૦૩-૦૯-૧૩ | શ્રાવણ વદ-૧૩ |
| વિશાશ્રીમાળી | મારફતિયામહેતાનો પાડો | નવનીતલાલ મોહનલાલ ઝવેરી | ૭૬ | મુંબઈ-વિલેપાર્લે | ૦૮-૦૯-૧૩ | ભાદરવાસુદ-૦૩ |

*** ચક્ષુદાન કરેલ છે. ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ● દેહદાન કરો અને કરાવો**

## સાભાર સ્વીકાર

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૨૦૦૦૦૦ એક શુભેચ્છક તરફથી (પાટણ મેડિકલ કેમ્પના સૌજન્યદાતા)
૧૦૦૦ શ્રીમતી જ્યોત્સનાબેન નિરંજનભાઈ શાહ (ઢંઢેરવાડો)

**શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા સમૂહલગ્ન કોરપસ ફંડ**

૨૫૦૦૧ શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ શાહ (તેલીયાવાળા)
ફોફલીયા વાડો મનમોહનજીની શેરી
શ્રી સંદીપભાઈ તથા પૌત્ર ચિ. માલવની અઠ્ઠાઈ નિમિત્તે

**શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૨૫૦૦૦ શ્રી અમિતભાઈ જયંતીલાલ પાલેજવાળા (શાંતિનાથની પોળ)
શ્રીમતી કિશોરીબેન અશ્વિનકુમાર શાહ
સ્વ. શ્રીમતી હીરાબેન જયંતીલાલ પાલેજવાળાના સ્મરણાર્થે

**શ્રીમતી તારાબેન મણીલાલ ગભરૂચંદ શાહ ધાર્મિક પ્રાઈઝ**

૧૧૦૦૦ શ્રીમતી કાંતાબેન જયંતીલાલ મણિલાલ શાહ પરિવાર
(મણીયાતી પાડો)

**આર્થિક સહાય ભેટ**

૫૦૦૧ શ્રીમતી છાયાબેન દીપકભાઈ શાહ (સંઘવીનો પાડો)
નિધિબેન વૈભવભાઈ શાહના ૧૦ પચ્ચખાણ તપ નિમિત્તે
તથા પ્રિયા અને ધવલના અઠ્ઠાઈ તપ નિમિત્તે
૧૦૦૧ શ્રી ચીનુભાઈ નાગરદાસ શાહ (કસુંબીયા વાડો)
૫૪ વર્ષમાં એક કરોડ નવકાર મંત્ર જાપ કર્યાની ખુશાલીમાં

**દવા સહાય ભેટ**

૩૦૦૦ શ્રી મહેન્દ્રભાઈ નાનકચંદ શાહ (કુંભારીયા પાડો)
૨૦૦૦ શ્રીમતી ઈન્દુબેન હસમુખભાઈ શાહ (અબજી મહેતાનો પાડો)
સ્વ. શ્રી હસમુખભાઈ કાંતિલાલ શાહની ૧૯ મી પુણ્યતિથિ નિમિત્તે
૧૫૦૦ સ્વ. તરુણાબેન મહેન્દ્રભાઈ શાહ (ગુંદરવાલા)ની દ્વિતિય
પુણ્યતિથિ નિમિત્તે (વાસુપૂજ્યની શેરી)
૧૧૧૧ શ્રીમતી પ્રેરણાબેન યોગીનભાઈ શાહ (ઝવેરી વાડો)
સ્વ. શ્રી યોગીનભાઈ જયંતીલાલ શાહની સ્મૃતિમાં

**લગ્ન પ્રસંગે ભેટ**

૧૧૦૦ શ્રી રાજેન્દ્રભાઈ રસિકલાલ શાહ (ચોધરીની શેરી)
ચિ. જીનીતાના લગ્ન નિમિત્તે

**શિક્ષણ સહાય ભેટ**

૧૦૦૦ શ્રી મણીલાલ ગભરૂચંદ શાહ (મણીયાતી પાડો)
હસ્તે : શ્રી પ્રફુલ્લભાઈ મણીલાલ શાહ
૧૦૦૦ શ્રી કાંતિલાલ આણંદલાલ શાહ (રાણીવાળા)
હસ્તે : શ્રીમતી પ્રિતીબેન નિલેષભાઈ શાહ
ચિ. લબ્ધિની અઠ્ઠાઈ તપ નિમિત્તે
૫૦૧ શ્રી ફાલ્ગુનીબેન અમીતભાઈ શાહ
બી.કોમ.માં ૮૦% માર્કસ સાથે પાસ થયાની ખુશાલીમાં
(મારફતિયા મહેતાનો પાડો)
૫૦૦ શ્રી મુકેશભાઈ ચંદ્રકાંત વોરા ચિ. અંજલિ બી.કોમ. પરીક્ષામાં
ફર્સ્ટ ક્લાસથી પાસ થયાની ખુશાલીમાં (લખિયાર વાડો)
૫૦૦ શ્રીમતી મીનાબેન એમ. શાહ
સ્વ. શ્રીમતી કુસુમબેન સેવંતિલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે

**વૃદ્ધજન સહાય ભેટ**

૧૦૦૦ શ્રીમતી જ્યોત્સનાબેન નિરંજનભાઈ શાહ (ઢંઢેરવાડો)
૫૦૨ અર્હમ્ દક્ષીતા શ્રીજી, સંસારી મનિષાબેન સેવંતીલાલ શાહના
પ્રથમ ચોમાસા નિમિત્તે તથા
શ્રી સેવંતીલાલ જેશંગલાલ શાહના જન્મદિન નિમિત્તે

**હેલ્થકેર સાધન ભેટ**

૭૦૦૦ શ્રી અતુલભાઈ આર. સલોત
૧૫૦૦ શ્રી રાજેષભાઈ ઓચ્છવલાલ દોશી
૧૫૦૦ શ્રી પ્રિયાંગભાઈ યોગેશભાઈ ઝવેરી
૧૧૦૦ શ્રી હસમુખભાઈ કિર્તીલાલ શાહ
૧૧૦૦ શ્રી ગોવિંદપ્રસાદ તિબ્રેવાલા
૧૦૦૦ શ્રી હિતેષભાઈ વ્રજલાલ પડિયા
૧૧૦૦ શ્રીમતી સુમનબેન કંચનભાઈ બાગડી
૧૦૫૦ શ્રી રોશનભાઈ પીટર પીન્ટો (Pinto)
૧૦૦૦ શ્રીમતી તૃપ્તિબેન કે. ગાંધી
૧૦૦૦ શ્રી સોહનરાજ રૂપાજી

## શ્રી પાટણ જૈન મંડળ

### વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહ

મંડળ દ્વારા પ્રતિવર્ષ શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી પ્રતિભાઓનું અભિવાદન કરવામાં આવે છે. તદ્ અનુસાર આ વર્ષે એસ.એસ.સી., એચ.એસ.સી. તથા કૉલેજ ક્ષેત્રે લેવાયેલ વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ કક્ષાએ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને તેમજ પરફોર્મીંગ આર્ટ્સ ક્ષેત્રે ઉચ્ચત્તમ ગુણવત્તા પ્રાપ્ત કરનાર કલાકારો અને વર્ષ દરમ્યાન **'પાટણ પ્રતિબિંબ'**માં પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ-બહેનોનું **શ્રી નેમચંદ જેશીંગલાલ શાહ (ગુંદરવાલા)** સાહિત્ય પારિતોષિક એનાયત કરી અભિવાદન કરવા માટેના સમારંભનું આયોજન નીચેની વિગતે કરવામાં આવ્યું છે.

**દિનાંક :રવિવાર, તા. ૨૭-૧૦-'૧૩**
**સમય : સવારે ૯-૪૫ કલાકે.**
**સ્થળ : શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ**
**૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦**

આ સમારંભમાં ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનું ફોર્મ ભરેલ છે, છતાં કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે ફોર્મ ભરીને **તા. ૩૦-૦૯-૨૦૧૩ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવું.**

**❑ શ્રી પાટણ જૈન મંડળ**

PATAN PRATIBIMB ● SEPTEMBER 2013 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th or 26th of every month. Regd. No. MH / MR/ South–135 / 2012–14
Published on 15th of every month

SHREE PATAN JAIN MANDAL

## SAMAJ VIKAS FUND

### EDUCATION SAHAY CORPUS FUND

SEVANTILAL KANTILAL TRUST — Rs. 80 LACS

### SAMAJ VIKAS CORPUS FUND

SMT MINABEN & SHRI NITINBHAI JAYANTILAL GABHRUCHAND SHAH & FAMILY USA (Khetarvasi) — $ 1 LAC

### MUKHYA DATA

- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah, By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah, By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri By : Shri Hitenbhai Pravinchandra Shah
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Shri Mafatlal Chudghar Charitable Trust, Chodhrini Sheri
- Smt. Subhadraben Ramanlal Shah Charitable Trust, Kumbharia Pado
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah, By : Shri Jitenbhai, Kanasano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Late Shri Balubhai Chhotalal Shah, By : Smt. Hansaben, Khadakhotdi no Pado
- Late Shri Pramodbhai Bhogilal Jhaveri (Sayba), (Chodhrini Sheri) By : Smt. Maltiben, Smt. Falguniben & Shri Devangbhai Jhaveri

### ADHARSTHAMBH DATA

- Shri Hemantbhai Kantilal Salvi, Salvi Vado
- Shri Shantilal Rikhavchand Shah, Kokano Pado
- Shri Navinbhai Nemchandbhai Shah (Gunderwala), Vasupujyani Sheri
- Shri Navinchandra Khubchand Shah, Dhandhervado
- Smt. Pushpaben Sevantilal Shah, Dank Mahetano Pado
- Shri Sudhirbhai Navinchandra Shah, Marfatiya Mahetano Pado
- Shri Mahasukhlal Keshavlal Shah, By: Shri Pankajbhai, Shri Rohitbhai, Shri Bharatbhai (Marfatiya Mahetano Pado)
- Shri Rakeshbhai Kantilal Shah-Chowpatty. In Memory of Smt. Geetaben Rakeshbhai Shah
- Shri Sureshbhai Chimanlal Choksi, Zaveri Vado
- Late Shri Sevantilal Chaganlal Shah By: Shri Harshadbhai (Tamboli Vado)
- Smt. Premlataben & Shri Pratapbhai Punamchand Jaswa (Kasumbia Vado)
- A Well-Wisher

### SAHAYAK DATA

- Shri J. K. Shah, Bhabhano Pado
- Shri Vinodbhai Hiralal Shah (Ladiwala), Kanasano Pado
- Smt. Vimlaben Bhogilal Shah (Jafujiwala), Tamboli Vado
- Smt. SushilabenVarjivandas Shah, Khajurino Pado
- Shri Shirishbhai Mafatlal Shah, Panchoti Pado
- Shri Sureshbhai Shantilal Shah, Kokano Pado

## LAND AND BUILDING FUND

**Late Smt. Gitaben Rakeshbhai Shah - Rs. 2 Crores**

## *REVOLVING FUND : Target Rs. 5 Crores*

**To provide interest free Educational Loan**

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 15 Lakhs |
| **Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)** | Rs. 10 Lakhs |
| **Late Smt. Jasudben Jamnadas Jhaveri & Late Jamnadas Umedchand Jhaveri (Dhandher Wado)** By Late Saraswatiben Jamnadas Jhaveri through her will | Rs. 10 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |
| **Shri Keshavlal Kilachand Charitable Trust Kumbharia Pado** | Rs. 5 Lakhs |
| **Smt. Gulabben Chimanlal Valamji Choksi** By Smt. Vinaben Sureshbhai Choksi (Zaveri Vado) | Rs. 5 Lakhs |
| **Dr.Smt. Kunjbalaben & Dr. Vijaybhai Jayantilal Patni** (Manmohanji ni Sheri) | Rs. 5 Lakhs |
| **Smt. RohinibenVikrambhai Shah**(Dank Mehtano Pado) (In her Memory) By Shri Ronakbhai, Smt. Darshnaben, Shri Shrenikbhai & Smt. Komalben | Rs. 5 Lakhs |
| **Late Smt. Kamalaben & Shri Kantilal Prabhudas Jhaveri** (Dhandher Vado) By Shri Samir Chandrakant Jhaveri | Rs. 5 Lakhs |
| **Late Smt. Kusumben Vrajlal Shah & Vrajlal Jesinglal Shah** (Jafujiwala) (Tamboli Vado) | Rs. 5 Lakhs |
| **Smt. Taraben Sevantilal Nathalal Khandwala** (Keshu Sheth no pado) By Shri Kandarpbhai | Rs. 12 Lakhs |

## MEMORIAL FUND

| Name of the donor | Amount of donation |
|---|---|
| Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | Rs. 8 Crores |
| Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | Rs. 10 Lakhs |

The donors donating in **MEMORIAL FUND** through their will -- it can be utilised for special activities of the **MANDAL**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.